આકાશવાણી -ભુજ
સમાચાર વાચક: તૌફીક સમા
કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર
તારીખ:21-04-2024 રવિવાર સમય: સવારે: ૬:૫૦

## લોકસભા ચૂંટણી

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવાન થયો છે. બીજા તબક્કામાં, આ મહિનાની 26મી તારીખે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો અને મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીની બેઠકો પર મતદાન યોજાશે. મતદારોને આકર્ષવા માટે વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ દેશભરમાં રેલીઓને સંબોધિત કરી રહ્યા છે..

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાંદેડ બાદ પરભણીમાં રેલીને સંબોધી હતી. તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ' સાથે છેલ્લા દાયકામાં સર્વસમાવેશક વૃદ્ધિ માટે એનડીએ સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો, જેમાં સરહદ પારના આતંકવાદને સમાપ્ત કરવા સહિત ભવિષ્યની પ્રગતિનું વચન આપ્યું હતું.

પરભણી સંસદીય મતવિસ્તારમાં મહાદેવ જાનકર એનડીએ ગઠબંધન તરફથી અને સંજય ઉર્ફે બંધુ જાધવ મહાવિકાસ આઘાડી તરફથી ચૂંટણી લડી રહ્યા છે.

બીજી તરફ અમરોહામાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે મહાગઠબંધનના ઉમેદવાર કુંવર દાનિશ અલીની તરફેણમાં રેલીને સંબોધી હતી.

તૌફિક સમા

## નિર્મલા સીતારામન- પરી સંવાદ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એડ ઇન્ડસ્ટ્રીઝના ઉપક્રમે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને ICAI  મદાવાદ ચેપ્ટર સાથે વિકસિત ભારત @ 2047" વિષય પર સંવાદ સાધ્યો હતો..

કેન્દ્રીય મંત્રીએ 2047 સુધીમાં "વિકસીત ભારત"ને સાકાર કરવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે પોતાના વકત્વ્યમાં ગુજરાતની સિધ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે વિદેશી રોકાણ, PLI જેવી પ્રગતિશીલ નીતિઓને આગળ વધારવામાં ગુજરાતની મહત્ત્વની ભૂમિકા છે  ને કાપડ, સેમિકન્ડક્ટર્સ, કેમિકલ્સ  ને એરોસ્પેસમાં ગુજરાતની સફળતાનો ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાત રાજ્ય પાંચ ટકાની વસ્તી ધરાવતું રાજ્ય છે પરંતુ નેશનલ જીડીપીમાં 8.3% થી વધુ યોગદાન આપે છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો...

તૌફિક સમા

---

## 47 મિલિયન વર્ષ પહેલાના સાપના  વશેષો

કચ્છના પાંધ્રો ખાણ નજીકથી **47** મિલિયન વર્ષ પહેલાના **15** મીટર લાંબા સાપના અવશેષો મળી આવ્યા છે આ સાપની કરોડરજ્જુના **27** જેટલા અવશેષો બહાર કાઢવામાં આવ્યા છે અને તેને વાસુકી ઇન્ડિકસ નામ આપવામાં આવ્યું છે. જે અત્યાર સુધીનો વિશ્વનો સૌથી મોટો સાપ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી રૂરકી **(IITR)**માં પેલિયોન્ટોલોજીમાં પોસ્ટડોક્ટરલ સંશોધક અને સાયન્ટિફિક રિપોર્ટ્સ જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસના મુખ્ય લેખક દેબાજીતે દત્તાએ આ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. વાસુકી સાપ કદમાં એટલો મોટો હોય છે કે તે વર્ષ **2009**માં કોલંબિયામાં કોલસાની ખાણમાંથી મળી આવેલા ટિટનોબોઆ નામના બીજા વિશાળ સાપ કરતા મોટું હોવાનું અનુમાન છે

તૌફિક સમા

---

## મહાવીર જયંતિ ઉજવણી

સમગ્ર વિશ્વને અહિંસા, પ્રેમ, કરુણા, મૈત્રીનો સંદેશ આપનારા ૨૪ મા તીર્થંકર ભગવાન મહાવીરના બે હજાર ૬૨૨મા જન્મ કલ્યાણક દિવસની આજે સમસ્ત જૈન સમાજ દ્વારા કચ્છમાં રથયાત્રા તેમજ ધાર્મિક સેવાકીય જીવ દયા ના કાર્યો દ્વારા ઉજવણી કરવામાં આવશે.જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના અનુયાયીઓ ઉપસ્થિત રહેશે.

તૌફિક સમા

---

## કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન

આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનમાં 15 લાખ 48 હજાર નવા સભ્યો જોડાયા હતા. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે મોટાભાગના નવા સભ્યો 18 થી 25 વર્ષની વય જૂથમાં છે. આ કુલ નવા સભ્યોના 56.3 ટકા છે. જે દર્શાવે છે કે સંગઠિત કાર્યબળમાં જોડાતા મોટાભાગના લોકો યુવાનો છે.

તૌફિક સમા

---

## ક્રિકેટ IPL -2024 : SRH - DD

આઇ પી એલ ની મેચ માં સનરાઈઝર હૈદરાબાદ ની ટીમે દિલ્હી કેપિટલ ટીમ ને 67 રને હરાવી વિજય ની પરંપરા જાળવી રાખી છે હૈદરાબાદ ટીમે 6 વિકેટ ગુમાવી 266 રન કર્યા હતા વળતા જવાબ માં દિલ્હી ટીમ 199 રન માં આઉટ થઈ ગઈ હતી.

તૌફિક સમા

---

# ગરમી માં રાહત મેળવવા પશુઓની કાળજી

કચ્છ જીલ્લામાં ઉનાળુ ઋતુમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર અને ઘણી વાર ૪૫ ડિગ્રી સુધી જતું હોય છે. આવા સંજોગોમાં પશુઓને ગરમીથી રક્ષણ મળે તે માટે પશુઓને ઉગ્ર તાપથી બચાવી તેમનું ઉત્પાદન જાળવી રાખવું હોય તો એ માટે છાંયડો , પીવાનું પાણી, યોગ્ય આહાર અને વ્યવસ્થાપન પદ્ધતિ પ્રત્યે વિશેષ ધ્યાન દેવું જરૂરી બને છે.

આ માટે પશુપાલકોએ પોતાનાં પશુઓને બપોરનાં વધુ ગરમી વાળા સમયે ખુલ્લા તાપમાં બહાર કાઢવાનું કે તડકામાં બાંધવાનું સંપુર્ણપણે ટાળવુ, પીવા માટે પર્યાપ્ત માત્રામાં શુદ્ધ તેમજ ઠંડું પાણી આપવુ, પશુ રહેઠાણની છત કે છાપરાને ઘાસ કે પરાળથી ઢાંકવું, ત્યાં બપોરે પશુ પર સીધો સુર્યપ્રકાશ ન આવે તે માટે પડદાની સગવડ કરવી, તબેલામાં પાણીનો છંટકાવ કરવો.

જીલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાનાઓ ખાતે હિટ વેવથી અસરગ્રસ્ત પશુઓની સારવાર માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ છે. જેથી જરૂર જણાયે તાત્કાલિક ત્યાંનો સંપર્ક કરી નિષ્ણાંત પશુ ચિકિત્સકની સલાહ લઈ તેમના માર્ગદર્શન હેઠળ આગળની પશુની સારવાર કરવી જોઇએ.

તૌફિક સમા

---